|| ॐ શ્રી સાઈરામ ||

|| ॐ શ્રી સાઈ મહિમાત્મને નમઃ || (૧૫)

## મહાન અને તેજસ્વી આત્મસ્વરૂપ શ્રી સાઈને અમારા નમરકાર છે.

## તેમનો મહિમા સંપૂર્ણ વિશ્વભરમાં ફેલાયેલો છે.

ભગવાન બાબાનો મહિમા સંપૂર્ણ વિશ્વભરમાં ફેલાયેલો હોવાથી વિશ્વના લાખો લોકો તેમના દર્શનની આશા મનમાં લઈને પ્રશાંતિનિલયમમાં આવે છે, જેમાં સંસારના વિભિન્ન સ્તરમાંથી, તેમજ આધ્યાત્મિક કક્ષાના વિવિધ સ્તરે પહોંચેલા ઘણા ભક્તો આવે છે.

સ્વામીનો મહિમા સાંભળીને કાશીના ૧૦૮ સ્વામી વિરજાનંદજી મહારાજ જેમની ઉંમર અત્યારે સો થી પણ વધારે છે, તે ૧૯૭૦ માં તેમના પંદર વીસ શિષ્યો સાથે પ્રશાંતિનિલયમમાં આવ્યા હતા, વીસ દિવસ આશ્રમમાં વ્યતીત કર્યા પછી તેમણે સ્વામી વિશે એવું અનુમાન લગાવ્યું કે " શ્રી સત્ય સાઈ બાબાએ પરદેશી તેમજ શ્રીમંત ભક્તોના દેવ છે. કારણ કે પરમેશ્વરી અવતાર પ્રેમમૂર્તિ હોવાથી તે બધા સાથે સમભાવનાથી આચરણ કરે છે. (સમસમાન વર્તાવ કરે છે.) શું કારણ હશે કે તેમણે આવું અનુમાન લગાવ્યું?

કારણકે, વીસ દિવસમાં ભગવાન બાબાએ એકવાર પણ તેમની પૂછપરછ કરી નહોતી અને એટલે સ્વામી વિરાનંદજી મહારાજે પ્રશાંતિનિલયમ છોડીને ઉત્તર તરફ પ્રયાણ કરવાનું નક્કી કર્યું અને તેઓ ધર્માવરમની દિશાએ નીકળ્યા.

તે રાત્રે તેમણે ધર્માવરમમાં વિશ્રામ કરવાનું નક્કી કર્યું. તે પ્રમાણે તેઓ એક રૂમમાં અને અન્ય શિષ્યો બીજી રૂમમાં એ પ્રમાણે નિવાસ કર્યો. થોડીવાર પછી તેમનો દરવાજો કોઈએ ખખડાવ્યો. કોઈ એમને પૂછતું હતું કે" હું અંદર આવું? " સ્વામી વિરજાનંદજીની પરવાનગીથી અંદર આવેલી વ્યક્તિ અતિ નમ્ર સ્વરે બોલી," સ્વામીજી, ભગવાન બાબાએ મને તમને પુટ્ટપર્તિ લઈ જવા માટે મોકલ્યો છે. " આ સાંભળીને સ્વામી વિરાનંદજી અતિ ક્રોધમાં બોલ્યા, હું આવવાનો નથી. તે શ્રીમંતોના દેવ છે. જે પ્રમાણે તેઓ કહે છે તે પ્રમાણે તે પ્રેમમૂર્તિ નથી." આ સાંભળ્યા પછી તે વ્યક્તિ બોલી, " હું ગાડી લાવ્યો છું અને જ્યાં સુધી તમે મારી સાથે આવશો નહીં ત્યાં સુધી હું પણ જઈશ નહીં.' રીતે કેવળ નાઇલાજે વિરજાનંદજી તેમની સાથે નીકળ્યા. પ્રશાંતિનિલયમ પહોંચતા જ ભગવાન બાબાએ તેમને પહેલા માળે બોલાવી લીધા. ત્યાં જતા જ કુત્સિત શબ્દમાં વિરજાનંદજી કાંઈ બોલવા જતા હતા, એટલામાં જ તેમને રોકતા સ્વામી બોલ્યા, 'પહેલાં આપણે ભોજન કરીશું, પછી તમે મને જોઈએ તે

પ્રશ્ન પૂછી શકો છો.'' ભોજન થયા પછી ભગવાન બાબાએ સ્વામી વિરજાનંદજી તરફ જોઈને પોતાના જમણા હાથની હથેળી બતાવી. તે જોતા જ વિરાનંદજીના સર્વાંગે પરસેવો છૂટયો. તેમને કાંઈ સૂઝતું નહોતું.

એવું શું દેખાયું તેમને હથેલીમાં? તેમને એ હથેલીમાં પોતાનો આશ્રમ અને શિષ્ય પરિવાર દેખાયો, તે સાથે જ ભગવાન બાબાના શબ્દો સંભળાવા લાગ્યા. પ્રેમ, પ્રેમ, પ્રેમ, પ્રેમ! એટલે શું? તમને શું લાગે છે, કેવળ પાંચ-સાત જણાનું કુટુંબ ત્યાગીને હજારો શિષ્યોનો પરિવાર ભેગો કરીને 'આત્મ સાક્ષાત્કાર' થાય છે? એ તો દૂરની વાત છે. પણ આ તો મોહ છે. કેવળ ભક્તિ અને પ્રેમ જ તમને ભગવાન પાસે લઈ જાય છે. વાસના અને સાંસારિક કીર્તિ તમને ભગવાન સુધી લઈ જતી નથી.

આ સાંભળતા જ સ્વામી વિરજાનંદજીને તેમની ભૂલ સમજાઈ. તેમણે ભગવાન બાબાના ચરણ પકડયા અને પાછા જવાની આજ્ઞા માગી ત્યારે બાબા બોલ્યા," થોડીવાર થોભો ". વિરજાનંદજી નીચે બેઠા. તેમને ક્ષણભર ઊંઘ આવતી હોય એવું લાગ્યું. તેમણે જ્યારે આંખો ખોલી ત્યારે તેમને ખબર પડી કે તે પાછા પોતાના ધર્માવરમના નિવાસસ્થાને પહોંચ્યા છે. તેમને કોઈ જ ખબર પડતી નહોતીકે, તે ક્ષણભરમાં અહીંયાં કેવી રીતે આવ્યા. તેમણે ભગવાન બાબાના ચરણકમલોનું ધ્યાન કર્યું ત્યારે તેમને સમજાયું કે આ તો ભગવાન બાબાની લીલા છે.

||ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||